ક્રિ. કે. નં. ૫૪૪/૨૦૨૬

−:: આંક− ૧ લગતનો હુકમ::−

(૧)... હાલના કામે કેસ પેપર્સ વંચાણે લીધા. હાલના કામે આરોપી મળી આવતા નથી અને આરોપીની સામે સદરહું કેસની ન્યાયીક કાર્યવાહી ચલાવવા પુરતા પુરાવા છે કે નહી તે અંગેનો નિર્ણય કરતા પહેલા, બી.એન.એસ.એસ. ની કલમ−૨૬૨ વંચાણે લેવી જરૂરી જણાય આવતી હોય તે નીચે મુજબ વર્ણવેલ છે.

**કલમ−૨૬૨. આરોપીને ક્યારે છોડી મુકવો જોઈશે.**

'' કલમ−૧૯૩ હેઠળ પોલીસ રિપોર્ટ તથા તેની સાથે મોકલાયેલા તમામ દસ્તાવેજો વિચારણાં લીધા પછી અને મેજિસ્ટ્રેટને જરૂર જણાય તેવી આરોપીની જુબાની લીધા પછી અને ફરીયાદપક્ષ અને આરોપીને સુનાવણીની તક આપ્યા પછી, મેજિસ્ટ્રેટને આરોપી વિરૂધ્ધ તહોમત વજુદ વગરનુ લાગે તો, તેણે તેને છોડી મુકવો જોઈશે અને તેમ કરવાના પોતાના કારણોની તેણે નોંધ કરવી જોઈશે.

આમ, સદર કલમ વંચાણે લેતા આરોપીને સામે ચાર્જશીટ રજુ કરવામાં આવે અને તે ચાર્જશીટની સાથે રજુ કરેલા પોલીસ પેપર્સ વંચાણે લેતા તેના પરથી એવું પ્રસ્થાપિત થાય કે આરોપીની સામે ટ્રાયલ ચલાવવા માટે પુરતો પુરાવો નથી અને તહોમત વજુદ વગરનુ લાગે તો આરોપીને છોડી મુકવો જોઈશે. આ ઉપરાંત ચાર્જફ્રેમ કરવાના તબકકે એટલું જ જોવાનું રહે છે કે શું આરોપીની વિરૂધ્ધ પ્રથમદર્શનીય ગુનો બને છે અને જો પ્રથમદર્શનીય ગુનો બનતો હોય તો આરોપીની સામે ચાર્જફ્રેમ કરવો જોઈએ અને જો પ્રથમદર્શનીય પુરાવો ન આવે અને કેસ બનતો ન હોય તો આરોપીને ડીસ્ચાર્જ કરવો જોઈએ. આ ઉપરાંત પ્રથમદર્શનીય કેસ કોને કહી શકાય તે અંગે નામદાર એપેલેટ કોર્ટ ધ્વારા ઘણાં ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો આપવામાં આવેલા છે.

A K DABHI
20/07/2026

અને જેમાં ફરીયાદપક્ષનો કેસ અને પુરાવો એમને એમ માની લેવામાં આવે તો તે આરોપી વિરૂધ્ધ ગુનો કર્યા અંગે મજબુત શંકા ઉપજાવે છે કે કેમ તે જોવાનું રહે છે. અને જો આરોપી વિરૂધ્ધ મજબુત શંકા ઉભી થતી હોય તો તે આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ બનતો હોવાનું માનવાનું રહે છે.

(૨)... હાલના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૧૯૮૫ જી.એલ.એચ. ૨૮૯ નો ચુકાદો વંચાણે લેવો જરૂરી જણાય છે જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એવું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે મેજિસ્ટ્રેટે ચાર્જફ્રેમ કરતી વખતે ઝીણવટભરી વિગતો ધ્યાને લેવાની નથી પરંતુ ફરીયાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ તે જોવાનું રહે છે.

(૩)... આમ ઉપરોકત કરવામાં આવેલી કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખી ન્યાયિક નિર્ણય કરતાં પહેલા બ્લડ ટેસ્ટ રૂલ્સ–૪ વંચાણે લેવો જરૂરી જણાય આવતો હોય તે નીચે મુજબ વર્ણવેલ છે.

-::Rule- 4. Manner of Collection Forwarding of blood::-

(1) The registered medical practitioner shall use a syringe for the collection of the blood of the person produced before him under Rule 3. The syringe shall be sterilized by putting in boiling water before it is used for the aforesaid purpose. He shall clean with sterilized water and swab the skin surface of that part of such person's body from which he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 cc of venous blood in the syringe from the body of the person. The blood, collected in the syringe shall than be transferred into a phial containing anticoagulant and preservative.

The sample blood collected in the phial in the manner stated in

sub-rule (1) shall be forwarded for test to the Testing Officer either by post of with a special messenger so as to reach him within seven days from the date of its collection, it shall be accompanied by a forwarding letter in Form "B" which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood."

(૪)... આમ, સદર કામે શું ખરેખર નિયમ–૪(૨) ની આદેશાત્મક જોગવાઈનો ભંગ થાય છે કે કેમ તેનુ મુલ્યાંકન કરવુ જરૂરી બની રહે છે. આથી સદર રેકર્ડ પર આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરતાં પહેલા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદો 1991 2 Crimes(HC) 342 State of Gujarat versus Bapuji Savaji, નો વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તેઓના સદર ચુકાદાના પેરા નંબર–૬ માં નીચે મુજબ નોંધેલ છે.

**-:: Para -6 ::-**

" This clearly shows that the sample of the blood has not reached the Chemical Analyser within 7 days of its collection as provided in rule 4(2) of the Rules. From the evidence of the said Medical Officer, it is not clear whether the said sample was accompanied by a forwarding letter in Form B being a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood of the accused. Under the circumstances, provisions of rule 4(1) and (2) of the said Rules, which are mandatory, are violated. These two patent infirmities are fatal to the prosecution.".

(૫)... આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અપાયેલ ઉપરોકત ચુકાદો વંચાણે લેતા પણ નિયમ–૪ એ સંપુર્ણ પણે આદેશાત્મક નથી તેવુ જણાય આવે છે.

હવે નિયમ–૪ માં આદેશાત્મક જોગવાઈઓ કઈ હોઈ શકે અને આજ્ઞાત્મક જોગવાઈઓ કઈ હોઈ શકે તેનો એક વિચાર કરીએ તો તે મારા મત અનુસાર નીચે મુજબ તારવી શકાય.

**આદેશાત્મક જોગવાઈઓ :–**

- લોહીનો નમુનો લેવાની પ્રક્રિયા ડોકટરશ્રી એ જાતે કરવી.
- જે જગ્યાએ થી લોહીનો નમુનો લેવાનો છે તે જગ્યા ડોકટરશ્રી એ જાતે જંતુનાશક દ્રવ્ય થી સાફ કરવી અને કોઈની મદદ લેવી નહી.
- એન્ટીકોગ્યેલન્ટ તથા પ્રિઝરવેટીવ ડોકટરશ્રી એ જાતે નાંખવા.
- લોહીનો નમુનો ડોકટરશ્રી એ જાતે ફિયાલમાં નાંખવો.
- ડોકટરશ્રી એ લોહીનો નમુનો એન્ટીકોગ્યુલન્ટ અને પ્રિઝરવેટીમાં એક રસ થઈ જાય એટલે કે ભળી જાય તે રીતે સખત રીતે પોતાની જાતે હલાવવા.
- ફોર્મ–એ તથા ફોર્મ–બી ડોકટરશ્રી એ જાતે ભરવા તથા ફોર્મ–બી માં ડોકટરશ્રી એ જાતે સીલ મારવુ.
- ફિયાલમાં ડોકટરશ્રી એ જાતે સીલ કરવુ.
- સદર લોહીનો નમુનો લોહી લીધાના સાત દીવસની અંદર મળી જાય તે રીતે મેસેન્જર અથવા રજીસ્ટર પોસ્ટ મારફતે મોકલવુ.

**આજ્ઞાત્મક જોગવાઈઓ :–**

- લોહીનો નમુનો ૫ સી.સી. જ લેવો. જો ઓછુ લોહી પૃથ્થકરણ માટે પર્યાપ્ત હોય તો જરૂર નથી.
- મરકયુરોક્રોમ તથા જેનીટર વાયોલેટનુ મિશ્રણ વાપરવુ..(અન્ય જંતુનાશક દ્રવ્ય

વાપરી શકાય જેમકે ડીસ્ટીલ વોટર)

- ઉકાળેલા પાણીમાં રાખેલ સીરીંઝ નો ઉપયોગ. (ડીસ્પોઝલ નીડલ અને સીરીંઝ વાપરી શકાય).
- લોહીનો નમુનો જે જગ્યાએ થી લેવાનો છે તે જગ્યા જંતુનાશક દ્રવ્ય થી સાફ કરવી. (ડીસ્ટીલ વોટરનો ઉપયોગ કરી શકાય)

(૬)... વધુમાં આ કામે સદર પ્રોહી. એકટમાં તારીખ ૧૯/૧૨/૨૦૧૬ થી એમેન્ડમેન્ટ કરવામાં આવેલા છે જેથી સદર કાયદાકીય જોગવાઈ ઘ્યાને લેવી જરૂરી જણાય આવતી હોય તે નીચે મુજબ વર્ણવામાં આવેલ છે.

**-:: Section 66 ::-**

(1) Whoever in contravention of the provisions of this act, or of any rule, regulation or order made or of any licence, permit, pass or authorization issued thereunder-

(b) consumes or uses any intoxicant other than opium or hemp

(c) taps or permits to be tapped any toddy-producing tree,

(d) draws or permits to be drawn toddy from any tree

(e) enters the territory of the State in an intoxicanted condition or under the influence of an intoxicant (other than opium) or hemp, after having consumed such intoxicant or hemp at any place outside the State,

Shall, on, conviction, be punished-

(i) for a first offence, with imprisonment for a term which may extend to six months with fine which may extend to one

thousand rupees:

(ii) for a second or subsequent offences, with imprisonment for a term which may extend to two years but which shall not be less than six months and with fine which may extend to two thousand rupees.

(2) Subject to the provisions of sub-section (3), where in any trial of an offence under clause (b) of sub-section (1) for the consumption of an intoxicant, or in any trial of an offence under clause (e) of sub-section (1) for entry in the territory of the State after consumption of an intoxicant or hemp at any place outside the State, it is alleged that the accused person consumed liquor, and it is proved that the concentration of alcohol in the blood of the accused person is not less than 0.05 per cent, weight in volume, then the burden of proving that the liquor consumed was a medicinal preparation consumed in quantity not in excess of normal close as defined in section 24-1 A or that the liquor consumed was a toilet preparation or an antiseptic preparation or solution, or a flavouring extract, essence or syrup, containing alcohol, the consumption of which is not in contravention of the Act or any rules, regulations or orders made thereunder, shall be upon the accused person, and the Court shall in the absence of such proof presume the contrary.

(3) The provisions of sub-section (2) shall not apply to the consumption of any liquor-

(a) by indoor patients during the period they are being treated in any hospital, convalescent home, nursing home or dispensary, maintained or supported by Government or a local authority or by charity, or

(b) by such other persons, in such other institutions or in such circumstances as may be prescribed.

**-:: Section 85 ::-**

(1) Whoever, in any street or thoroughfare or public place or in any place to which the public have or are permitted to have access, is drunk and creat nuisance, takes up quarrel with any person, uses foul or abusive language, in fight with others, misbehaves with any woman or behaves obscenely, shall, on conviction, be punished with imprisonment for a term which may extend to three years but which shall not be less than one year and with fine.

(2) In prosecution for an offence under sub-section (1), it shall be presumed untill the contrary is proved that the person accused of the said offence has drunk liquor or consumed any other intoxicant for the purpose of being intoxicated and not for a medical purpose.

આમ, ઉપરોકત કરવામાં આવેલી જોગવાઈઓ ઘ્યાને લેતા કલમ–૬૬ માં જો કોઈ વ્યકિત અફીણ સિવાયના કોઈ પણ નશાકારક પદાર્થ, દ્રવ્ય કે પીણાંનો ઉપયોગ કરે કે તેનુ સેવન કરે તો તેને છ મહિના સુધીની કેદની સજા તથા એક હજાર રૂપિયા સુધીનો દંડ થઈ શકશે. તથા કલમ–૮૫ માં જે કોઈ વ્યકિત કોઈ જાહેર માર્ગ, રસ્તા પર કે જયાં

માણસોની અવર જવર રહેતી હોય કે થતી હોય તેવી જગ્યાએ દારૂ પીધેલી હાલતમાં હોય કે તે જગ્યાએ ઉપદ્રવ કરતો હોય કે ઝઘડો કરે, ખરાબ શબ્દો બોલે, બીજા સાથે તકરાર ઝઘડો કરે કે તકરારમાં ઉતરે, કોઈ સ્ત્રીની સાથે ખરાબ વર્તન કરે તો તેવી વ્યકિતને નવા સુધારેલા કાયદા અન્વયે ત્રણ વર્ષ સુધીનુ પરંતુ એક વર્ષથી ઓછી નહી તેવી સજા કરી શકશે.

(૭)... આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ઉપરોકત ચુકાદો તથા રૂલ– ૪ વંચાણે લેતા સદર નિયમ એ આદેશાત્મક છે. એટલે કે નિયમ–૪ ની જોગવાઈઓનુ પાલન થવુ ફરજીયાત છે અને જો નિયમ–૪ ની જોગવાઈઓનુ પાલન ન થયેલ હોય તો ફરીયાદપક્ષના કેસને વિપરીત અસર પડે છે. આથી, હાલના ચાર્જશીટની સાથે રજુ થયેલા પોલીસ પેપર્સ ને વંચાણે લેવામાં આવે અને તેની વિચારણાં કરવામાં આવે તો હાલના કામે કાયદામાં નિર્ધારીત કરેલ ફોર્મ–સી રજુ કરવામાં આવેલ નથી. અને આથી આરોપીના લોહીમાં આલ્કોહોલની કેટલી માત્રા હતી અને આરોપીએ કેટલી માત્રામાં આલ્કોહોલનો નશો કે ઉપયોગ કરેલ તે સ્પષ્ટ થઈ શકતુ નથી. વધુમાં આરોપીના લોહીનો નમુનો નિયમ–૪(૨) માં જોગવાઈ કર્યા અનુસાર લોહી લીધાના સાત દીવસની અંદર પૃથ્થકરણ માટે લેબોરેટરીને પ્રાપ્ય થયેલ છે કે કેમ તે પણ હાલના તબકકે સ્પષ્ટ થઈ શકતુ નથી. જેથી ફરીયાદપક્ષનો કેસ પ્રથમદર્શનીય કેસ રહેતો ન હોવાનુ માની શકાય તેમ છે અને રજુ કરવામાં આવેલ ચાર્જશીટ વંચાણે લેતા આરોપીની સામે ચાર્જફ્રેમ કરવા પાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ ન હોવાનું જણાય આવે છે. વધુમાં રજુ કરવામાં આવેલ ચાર્જશીટ વંચાણે લેતા, આ કામે નિયમ–૪(૨) ની આદેશાત્મક જોગવાઈનો સ્પષ્ટપણે ભંગ થતો હોય આરોપીની સામે ચાર્જફ્રેમ ફરમાવી પુરાવો લેવામાં આવે તો તે અર્થહીન બની રહેશે. જેથી હાલના કેસમાં આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

A K DABHI
20/07/2026

**–:: હુકમ ::–**

(૧)... આ કામના આરોપીનાંઓને બી.એન.એસ.એસ. ની કલમ–૨૬૨ ( ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૯) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૬ (૧)(બી), ૮૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુના સબબના કામે તહોમતનામું વજુદ વગરનુ હોય ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)... આરોપીના જામીનખત આથી રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા. ૨૦ માહે જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૦/૦૭/૨૦૨૬.
તા. ઉમરગામ.

(અમિતકુમાર કેશવલાલ ડાભી)
એડી. સીનીયર સીવીલ જજ
અને એડી. ચીફ જયુડીશીયલ
મેજીસ્ટ્રેટ, ઉમરગામ, જી. વલસાડ.
કોડ નં. જીજે.૦૧૨૮૦.

A K DABHI
20/07/2026